નવગુજરાત સમય

Date: 01 August, 2017 Page #2

# IITRAMમાં ઇલેક્ટ્રિક બ્રાન્ચના પ્લેસમેન્ટમાં 10.50 લાખ સુધીના પેકેજ

**અમદાવાદ:** ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM) દ્વારા ઇલેક્ટ્રિક અને સિવિલ ઇજનેરીના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિવિલ ઇજનેરીમાં આઠ વિદ્યાર્થીઓ રહ્યા હતા. જે તમામને જુદી જુદી કંપનીઓ દ્વારા પ્લેસમેન્ટ આપી દેવાયું હતું. જેમાં ૨.૧૬ લાખથી લઇને ૪.૫ લાખ રૂપિયા જેટલુ પેકેજ અપાયું હતું. ઇલેક્ટ્રિક બ્રાન્ચમાં કુલ ૨૬ વિદ્યાર્થીઓ પૈકી ૧૦ વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ કરવાનું પસંદ કરતાં પ્લેસમેન્ટ માટે ૧૬ વિદ્યાર્થીઓ રહ્યા હતા. જેમાંથી ૧૫ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળ્યુ હતુ. આ વિદ્યાર્થીઓને ૨.૧૬ લાખથી લઇને ૧૦.૫ લાખનું પેકેજ મળ્યુ હતું. ઇલેક્ટ્રિકમાં ૧૦ અને સિવિલમાં પાંચ કંપનીઓ પ્લેસમેન્ટ માટે આવી હતી.